Extra No. 188

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **WEDNESDAY, JULY 15, 2026 / ASADHA 24, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધાં :

(૧) કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ),જિ.અરવલ્લી નો પત્રકમાંક જા.નં/પી.બી/૨૨૮૬/૨૦૨૬, તા.૦૮/૦૫/૨૦૨૬

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (ખ)

(૩) મોટર વિહિકલ એક્ટ-૧૯૮૮

(૪) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાક:નં/ડીસી/પીઓએલ./ટ્રાફિક/ જાહેરનામું/ ૩૩(૧)(ખ)/ વશી/ ૫૬૨/ ૨૦૨૫, તા.૧૮/૦૭/૨૦૨૫

(૫) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાક:નં/ડીસી/પીઓએલ./ટ્રાફિક/ જાહેરનામું/ ૩૩(૧)(ખ)/ વશી/ ૭૮૪/ ૨૦૨૫, તા.૧૮/૦૯/૨૦૨૫

(૬) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાક:નં/ડીસી/પીઓએલ./ટ્રાફિક/ જાહેરનામું/ ૩૩(૧)(ખ) /વશી/ ૨૦૧/ ૨૦૨૬, તા.૦૮/૦૫/૨૦૨૬

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) ના ખંડ (ખ) હેઠળ

નં/ડીસી/પીઓએલ-૧/હાથમતી બ્રિજ/જાહેરનામું/વશી/૬૯૦ થી ૭૦૦/૨૦૨૬.-અરવલ્લી જિલ્લાના રાજ્યમાર્ગ ઈડર-ભિલોડા-શામળાજી રોડ કિ.મી ૧૩૯/૩૦૦ થી ૧૪૭/૩૦૦ ના અનુભાગ કિ.મી ૧૪૧/૮૦૦ પર આવેલ હાથમતી બ્રિજનું કસાડ કન્સલ્ટન્સી દ્વારા તા.૧૨/૦૭/૨૫ ના રોજ વિઝિટ કરવામાં આવેલ હતી તેમજ તેઓએ આપેલ કન્સલ્ટન્સી રિપોર્ટ અનુસાર સદર હાથમતી બ્રિજ ભારે વાહનો માટે પ્રતિબંધિત કરવાનું જણાવવામાં આવેલ છે, જે અન્વયે અત્રેની કચેરીએથી સંદર્ભ-૪ થી ૬ થી જાહેરનામા પ્રસિધ્ધ કરવામાં આવેલ. પરંતુ કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ),જિ.અરવલ્લી સંદર્ભ-૧ના પત્રથી સદર બ્રીજની કામગીરી મંજુર થયેલ છે. અને એજન્સી દ્વારા પાકા ડાયવર્ઝનની કામગીરી હાલમાં પ્રગતિમાં છે. જેની કામગીરીમાં આશરે ત્રણ (૩) થી ચાર (૪) માસ જેટલો સમય લાગે તેમ હોઈ, પાકા ડાયવર્ઝન ની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી ફરી જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

આથી,હું મિલિન્દ બાપના, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) ના ખંડ (ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ઈડર-ભિલોડા-શામળાજી રોડ ઉપર આવેલ હાથમતી બ્રિજ પર ભારે વાહનોની અવરજવર બંધ કરવા તેમજ વૈકલ્પિક રૂટ તરીકે ઈડર-હિમંતનગર-ગાંભોઈ-શામળાજી રોડનો ઉપયોગ કરવા ફરમાવું છું.

સદર જાહેરનામાની મુદત તા.૧૮/૦૭/૨૦૨૬ થી તા.૧૬/૦૯/૨૦૨૬ (૬૦ દિવસ) સુધી રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તાધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૫/૦૭/૨૦૨૬ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

મિલિન્દ બાપના,
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.12 13:50:23 IST